વડીલોને વંદન અભિનંદન

હસમુખલાલ ભોગીલાલ શાહ
(૧૯૪૩)ફોન: ૨૩૨૨૬૬૯૧

મણીબેન એન. મહેરિયા
(૧૯૫૦)મો.૯૭૩૭૭૪૪૫૪

સ્કૂલ ઓફ એચિવરમાં વર્ષાના વધામણાં કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના કુડાસણ ગામે આવેલી સ્કૂલ ઓફ એચિવરમાં વર્ષાઋતુની શરૂઆત સાથે ધોરણ-૧ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે 'વર્ષાના વધામણા' વિષય અંતર્ગત વર્ષાગીત, પ્રાર્થના, ડાન્સ અને પ્રશ્નમંચના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

બાળકો વચ્ચે અભ્યાસ સાથે ઈતર પ્રવૃત્તિઓ યોજી તેઓની આંતરિક શક્તિઓ અને મેધાશક્તિ ઉજાગર થાય તે હેતુથી તેમજ વિદ્યાર્થીઓના સતત સર્વગ્રાહી મૂલ્યાંકન સાથે તેઓના સર્વાંગી વિકાસ માટે સુંદર મઝાના કાર્યક્રમોનું પ્લેટફોર્મ પુરૂ પાડતી 'સ્કૂલ ઓફ એચિવર'- કુડાસણ ખાતે 'વર્ષાના વધામણા' કાર્યક્રમ સંપન્ન થયો. શાળાના ગ્રીન, રેડ, યલો અને બ્લ્યૂ હાઉસના વિદ્યાર્થીઓ વચ્ચે ધોરણ-૫ થી ૭માં પ્રાર્થનાઓ અને વર્ષાઋતુના ગીતો, ધો. ૧ થી ૪ માં મોન્સૂન ડાન્સ સાથે ગીત સંગીત તથા ધો. ૮ થી ૧૦માં જનરલ નોલેજ, સાયન્સ તથા સાંપ્રત પ્રવાહોની પ્રશ્નમંચ ક્વીઝ યોજવામાં આવી હતી, જેમાં યલો હાઉસ અને ગ્રીન હાઉસના સ્પર્ધકો વિજેતા બન્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું એન્કરીંગ કવિતાબેન દહિયા સાથે હાઉસ ટીંઠ વિદ્યાર્થીઓ-ઉન્નતિ દવે, ગઢવી કશ્યપ, હિમાલી પટેલ, હેલી પટેલ, તુષાર પટેલે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા માર્ગદર્શન જગદીશ સુથાર તથા હીનાબેન ત્રિવેદીએ પુરૂ પાડ્યું હતું.

ભારતીય સંસ્કૃતિ સર્વ પ્રત્યે પ્રેમ, સમભાવ અને સન્માન ભાવના પ્રદર્શિત કરી ભાઈચારા, વિશ્વશાંતિ અને વિશ્વબંધુત્વનો પ્રસાર કરે છે

ગાંધીનગર, તા. ૧૬

વિશ્વના ધર્મમાં ભારતીય સંસ્કૃતિ એક એવો ધર્મ છે જે સર્વ પ્રત્યે પ્રેમ સમભાવ અને સન્માન ભાવનાથી પ્રદર્શિત કરી ભાઈચારો, વિશ્વશાંતિ અને વિશ્વબંધુત્વનો પ્રચાર અને પ્રસાર કરે છે.

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજ લંડનની જેવીસ વેજીટેરીયન સોસાયટી કીંડરગાર્ટનમાં બાળકોની ખાસ શાળાના આમંત્રણને માન આપીને ત્યાં પહોંચ્યા હતા. તેમણે યહુદી ધર્મના બાળકોને આશિર્વાદ આપતાં જણાવ્યું હતું કે 'આજના ત્રાસવાદ અને હિંસાના જમાનામાં માનવ માનવ અને ધર્મ ધર્મ વચ્ચે જોડાણયુક્ત પ્રેમ અને લાગણીના આધારે શક્ય બનશે' વધુમાં તેમણે જણાવ્યું હતું કે, 'વૈદિક ધર્મ ભારતીય સંસ્કૃતિ અને શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયએ ત્રણેયનો સાર છે. જીવ પ્રાણી માત્રમાં પરમતત્વને જોવાની દંષ્ટિ પ્રાપ્ત થાય છે.

આ પ્રસંગે શાળાના યહુદી ધર્મના શિક્ષકે પણ પ.પૂ. આચાર્ય સ્વામીજી મહારાજનું સન્માન કર્યું હતું અને બાળકોએ શ્રી ઠાકોરજીની આરતી ઉતારી અને વિશ્વશાંતિ માટે પ્રાર્થના કરી હતી.

ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા ખાતે મંગળવારના રોજ ભાજપા દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ખેડબ્રહ્મા ખાતે ભાજપના કાર્યકરો દ્વારા વૃક્ષારોપણનું આયોજન ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સાબરકાંઠા જિલ્લા ભાજપ મહામંત્રી જશુભાઈ જે. પટેલ, ખેડબ્રહ્માના પ્રભારી લાલસિંહ એચ. ચૌહાણ, શહેર પ્રમુખ નારાયણદાસ બારોટ, નગરપાલિકા પ્રમુખ વિનોદભાઈ પટેલ, અને હોસ્પિટલના અધિક્ષક અશ્વિનભાઈ ગઢવીએ વૃક્ષારોપણ કર્યુ હતુ. વૃક્ષારોપણમાં ૧૦૦ વૃક્ષો વાવવામાં આવ્યા હતા. ત્યાર બાદ જનરલ હોસ્પિટલમાં દર્દીઓને ફુડ પેકેટ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે નગરપાલિકાના સદસ્યો અને શહેરના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

રોટરી કલબ ઓફ દહેગામનો ૩૧મો પદગ્રહણ સમારોહ યોજાયો

રોટરી કલબ ઓફ દહેગામનો ૩૧મો પદગ્રહણ સમારોહ દહેગામ કોલેજ હોલ ખાતે યોજાયો હતો. જેમાં રોટે. ડૉ. બિપિનભાઈ શાહે પદગ્રહણ અધિકારી તરીકે હાજર રહી રોટે. મહેશભાઈ પટેલને પ્રમુખ તરીકે તથા રોટે. અજયભાઈ પટેલને સેક્રેટરી તરીકે તેમજ બધા બોર્ડ ઓફ ડીરેકટરોને શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે વરીયા સાહેબ (નિવૃત્ત કલેકટર) રોટે., રંગેશભાઈ શાહ અને અગ્રણીઓ હાજર રહ્યા હતાં. (તસવીર : હસમુખ આચાર્ય, દહેગામ)

લોખંડની એંગલો ચોરી જતી સાદરાની ત્રિપુટી ઝડપાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર નજીકના સાદરા ગામમાંથી લોખંડની એંગલોની ચોરી થવા પામી હતી. જેસંદર્ભેથયેલી પોલીસ ફરીયાદને આધારે ચિલોડા પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી હતી. બાતમીને આધારે ચિલોડા પોલીસની ટીમે ચોરીની અંગલો સાથે રિક્ષા લઈને જઈ રહેલા ત્રણ શખ્સોને ઝડપી પાડયા છે. એંગલ ચોરોની ધરપકડ કરીને પોલીસે તપાસ શરુ કરતા અડધી ચોરીની એંગલો વેચી મારી હોવાનું ખુલતા પોલીસે તે આધારે ઝીણવટભરી તપાસ આરંભી છે.

સાદરા ગામમાંથી લોખંડની એંગલો ચોરાતી હોવાની ફરિયાદ ચિલોડા પોલીસને કરવામાં આવી હતી. જેને આધારે પી.આઈ. એલ.બી. મોણપરાની સુચનાથી તેમની ટીમેએંગલ ચોરોને પકડવા દોડધામ શરુ કરી હતી. દરમિયાન આજે એ.એસ.આઈ. હિરાજીને બાતમી મળી હતી કે ચોરીની એંગલો લઈને એક રિક્ષામાં ત્રણ એંગલ ચોરો જઈ રહ્યા છે જેને આધારે વોચ ગોઠવીને પોલીસે ત્રણેય એંગલ ચોરોને ચોરીની એંગલો સાથે ઝડપી પાડયા છે. રિક્ષા નં. જીજે ૧૮ એ.વી. ૫૭૬૯નો માલિક રવિ રાજુ બામટા તથા તેના બે સાગરિતો યાકુફ અનવરમીયા શેખ અને કાભાઈ પોપટ ઠાકોર ત્રણેય શખ્સોની ધરપકડ કરી લીધી છે, તેમની પાસેથી ત્રણ ચોરીની એંગલો મળી આવી હતી જયારે અડધી ચોરેલી એંગલો વેચી મારી હોવાની કબુલાત ત્રણેયે કરી છે. આધારે એએસઆઈ હિરાજીએ ચોરીનો માલ ખરીદનાર શખ્સ સુધી પહોંચવા દોડધામ શરુ કરી છે જયારે પકડાયેલા આરોપીઓએ અન્ય કયાંય ચોરીઓ કરી છે કે કેમ તેની પણ તપાસ આરંભી છે.

મત્સ્યોદ્યોગ ખાતાની મંડળીની ૧૪મી સાધારણ સભા મળી

ગાંધીનગર, તા. ૧૬

મસ્ત્ય ઉદ્યોગ ખાતાના કર્મચારીઓની ધિરાણી અને સહકારી મંડળીની સાધારણ સભા તાજેતરમાં મળી હતી. બેઠકમાં સભાસદોને બચત ઉપર ૨૦ ટકા વ્યાજની તથા વીમાની રકમ વધારી ૫૦,૦૦૦ સુધીની કરવાની જાહેરાત કરી હતી.

મત્સ્યોદ્યોગ ખાતાના કર્મચારીઓની ધિરાણી અને સહકારી મંડળીની ૧૪મી વાર્ષિક સાધારણ સભા જુના સચિવાલયની કેન્ટીન ખાતે મંડળીનાં પ્રમુખ પ્રદ્યુમનસિંહ કે. વાઘેલાના અધ્યક્ષસ્થાને મળી હતી. મંડળીની વાર્ષિક સાધારણ સભામાં મત્સ્યોદ્યોગ કમિશનર પી.એલ. દરબાર (આઈ.એ.એસ.), દોલતભાઈ ભટ્ટ, જતીનભાઈ શુકલ તથા એ.યુ.બુચ. નિવૃત્ત નાયબ કમિશનર અતિથિ વિશેષ પદે હાજર રહ્યા હતા.

મંડળીનાં હિસાબો તથા કામગીરીની વિગત મંડળના મંત્રી બી.એફ. દવેએ આપી હતી. મંડળીના પ્રમુખ પ્રદ્યુમનસિંહ વાઘેલાએ સભાસદોને બચત ઉપર ૨૦ ટકા વ્યાજની જાહેરાત કરતાં સભાસદોમાં હર્ષની લાગણી ફેલાઈ ગઈ હતી અને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. પ્રમુખે સભાસદોનો વીમાની રકમ વધારી રૂ. ૫૦,૦૦૦ કર્યાની જાહેરાત કરી હતી. ત્યાર બાદ માનવંતા મહેમાનોને હસ્તે મંડળીના સભાસદોનાં ૩૫ જેટલા તેજસ્વી તારલાઓને વિદ્યા પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મહેમાન દોલતભાઈ ભટ્ટ, એ.યુ. બુચ તથા પી.એલ. દરબારે પ્રાસંગિક પ્રવચન કરીને મંડળીનાં વિકાસ અને કામગીરીને બિરદાવી હતી. સમગ્ર સભાનું સંચાલન જી.એચ. મદલાણીએ કર્યુ હતું. આભારવિધિ કલ્પેશ પટેલે કરી હતી.

ડીસાના જાણીતા આર.ટી.આઈ. એક્ટિવીસ્ટ વિરૂદ્ધ દક્ષિણ પોલીસમાં ચોથી ફરિયાદ નોંધાઈ

ડીસા, તા. ૧૬

ડીસા સહીત સમગ્ર પંથકમાં આર.ટી.આઈ. એક્ટિવીસ્ટ તરીકે ખ્યાતનામ થયેલ રણછોડભાઈ રાજગોર વિરૂદ્ધ ડીસા માર્કેટ યાર્ડ વેપારી મંડળે આ વ્યકિત વેપારીઓ અને ખેડૂતોને ધાકધમકી આપી ખંડણી ઉઘરાવતો હોવાની રજુઆતો કરી હતી. જે બાદ વેપારી મંડળના ત્રણ વેપારીઓએ તેમની વિરૂદ્ધ ખંડણી ઉઘરાવવી અને ધમકી આપવી સહીતની ત્રણ ફરિયાદો આપી હતી. જે બાદ આજે અન્ય એક વેપારીએ ધાકધમકીની ચોથી ફરિયાદ દક્ષિણ પોલીસમાં નોંધાવતા ચકચાર મચેલ છે.

આ બાબતે ડીસા દક્ષિણ પોલીસ મથકેથી મળેલી વિગતો જોઈએ તો ડીસાના ચંદ્રલોક વિસ્તારમાં રહેતા અને માર્કેટયાર્ડમાં ૨૯ નંબરની રાકેશ કાન્તિલાલ એન્ડ કંપનીના માલિક કાન્તીભાઈ જેઠમલ શાહે રણછોડભાઈ રાજગોર વિરૂદ્ધ ફરિયાદ આપી હતી. અને જાહેર કર્યુ હતું કે થોડા દિવસ પહેલા રણછોડભાઈએ તેમને ધમકી આપી પાંચ હજારની માંગણી કરી હતી. જે બાદ પોલીસે આ મામલે આઈ.પી.સી. કલમ ૫૦૬(૨) મુજબની ફરિયાદ નોંધાવી હતી. આમ આર.ટી.આઈ. એક્વીટીસ્ત તરીકે ખ્યાતનામ થયેલ રણછોડભાઈ રાજગોર વિરૂદ્ધ ચોથી ફરિયાદ નોંધાતા શહેરમાં સનસનાટી મચેલ છે.

ડીસા પંથકમાં વરસાદના વિરામ બાદ બફારાથી અકળામણ

ડીસા સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં વરસાદના વિરામ બાદ ગરમી સાથે અસહીય બફારો વર્તાતા લોકો આકુળવ્યાકુળ બની રહ્યા છે.

ડીસા-બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદ બાદ રવિવારથી વરસાદે વિરામ ફરમાવી દીધો છે. કેટલાક સ્થળોએ માત્ર આછા છાંટા પડે છે. જેના કારણે માત્ર બફારાનું પ્રમાણ વર્તાય છે. આકાશમાં દિવસભર વાદળછાયુ વાતાવરણ સર્જાયેલુ રહેલુ છે. કારણે ગરમી સાથે બફારાનું પ્રમાણ વિશેષ અનુભવાઈ રહ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી આકાશમાં વાદળછાયા વાતાવરણ સાથે મેઘ માહોલ સર્જાયો છે.

સર્ટીફિકેટ્સ અને રૂપિયા ભરેલી બેગ પરત કરનાર કન્ડક્ટરને સલામ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના એસટી ડેપોના બસ કન્ડક્ટરે એક યુવાનની બસમાં રહી ગયેલી બેગ પરત કરી પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું છે. આજના યુગમાં લોકો એકબીજાનું પચાવી પાડવાના મૂડમાં હોય છે ત્યારે કંડક્ટરે પોતાની બેગ પરત કરતાં યુવાને તેમની પ્રામાણિકતાને સલામ કરી હતી.

આ ઘટના આજે ગાંધીનગર એસ ટી ડેપોમાં બની હતી. અમદાવાદથી ગાંધીનગરની કોલેજમાં એડમિશન માટે એક યુવાન એસટી બસમાં આવ્યો હતો. પરંતુ સંજોગોવશાત્ તેના સર્ટીફિકેટ્સ અને રૂપિયા ભરેલી બેગ તે બસમાં ભુલી ગયો હતો અને એસટી ડેપોથી રીક્ષા કરીને કોલેજ જવા માટે નીકળી ગયો હતો. કોલેજ પહોંચીને તેને યાદ આવ્યું હતું કે તેની બેગ તો બસમાં જ રહી ગઈ છે. યુવાન રીક્ષા કરીને હાંફળો-ફાંફળો બસ ડેપો આવ્યો હતો અને અમદાવાદની જે બસમાં ગાંધીનગર આવ્યો હતો તે બસની શોધ કરવા લાગ્યો હતો. એટલામાં જ બસ કન્ડક્ટર અને બસ મળી જતાં યુવાને પોતાની બેગ વિશે વાત કરી હતી. તરત જ પ્રામાણિકતા દાખવતાં કન્ડક્ટરે પોતાની પાસે રહેલી બેગ પરત કરી હતી. યુવાને આનંદિત થઈ કન્ડક્ટરનો આભાર માન્યો હતો. કોલેજમાં આજે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હતો એટલે યુવાનની કારકિર્દીનો સવાલ હતો. કારણ કે બેગમાં તેના અભ્યાસના અસલ ડોક્યુમેન્ટ્સ હતા. ઉપરાંત બેગમાં ૧૫૦૦ રૂપિયા જેટલી રકમ પણ હતી. જે ગુમાવવાથી યુવાનના મનમાં ઘડીક ચિંતા પેઠી હતી પરંતુ કન્ડક્ટરે પ્રામાણિકતાનું ઉમદા ઉદાહરણ પુરું પાડતાં યુવાનના મનમાં ટાઢક વળી હતી અને તેણે કન્ડક્ટરની આ પ્રામાણિકતાને સલામ કરી હતી.

સુયોગ્ય સંકલન

● પહેલા પાનાનું ચાલુ

તેમણે ચોમાસાની ઋતુમાં મેળાઓ અને અન્ય જાહેર મેળાવડાઓ યોજાય ત્યારે ત્યાં ખુલ્લા ખાદ્ય પદાર્થોનું વેચાણ ના થાય તેમજ આરોગ્યની સુવિધાઓની કાળજી લેવાય તેના પર વિશેષ ભાર મુક્યો હતો. પ્રભારી સચિવશ્રીએ વાહક જન્ય અને પાણીજન્ય રોગચાળાના અટકાયતી પગલાઓનું અસરકારક મોનીટરીંગ થાય તે જોવા તાકીદ કરી જણાવ્યું હતું કે દહેગામમાં બનેલી કોલેરાની સ્થિતિનું પુનરાવર્તન ના થાય તે માટે અન્ય વિભાગો સાથે સુયોગ્ય સંકલન કરી અને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવે તે જરૂરી છે.

તેમણે ગ્રામ્ય વિસ્તારમાં દવાનો જથ્થો પણ પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ રહે તે તેમજ તબીબો ફરજના સ્થળે રાત્રિ રોકાણ કરે તે માટે પુરતી કાળજી અને મોનટરીંગ માટે તાકીદ કરી હતી.

તલાટીઓ પણ ફરજનું સ્થળ ચોમાસા દરમ્યાન છોડે નહિ એટલું જ નહિ આપત્તિના સમયે વિભાગો દ્વારા સમયસર લોકો સુધી પહોંચી સહાયની કામગીરી થાય તે જોવા માટે આગ્રહ કર્યોહતો. કોર્પોરેશનના સત્તાવાળાઓને પણ શહેરમાં ભરાઈ રહેતા પાણીના નિકાલ માટે જરૂર પડ્યે નાના પંચ લગાવવા જણાવ્યુ હતુ. તેમણે ખાબોચિયા બની જતા હોય તેવા સ્થળો પર ઓઈલનો નિયમિત છંટકાવ થાય તે જોવા જણાવ્યું હતું.

માર્ગ-મકાન વિભાગનેપણ સ્ટ્રોમ વોટરની લાઈનોની અસરકારક સફાઈ માટે તાકીદ કરી હતી. શ્રી સંજયપ્રસાદે માર્ગો પર પાણી ના ભરાઈ રહે તે જોવા તેમજ ભુવાઓના મરામતની કામગીરી ઝડપથી હાથ ધરવા જણાવ્યું હતું. આ ઉપરાંત જ્યાં માર્ગ તુટ્યો હોય ત્યાં તે અંગેની સલામતિ રાખવા માટેના દિશાદર્શક બોર્ડ મુકવા સૂચવ્યુંહતું. નદી કિનારાના ગામોમાં પણ જરૂરી લોક-જાગૃતિ અંગેનું અભિયાન હાથ ધરવા તેમણે અધિકારીઓને જણાવ્યું હતું.

શબ્દાવલી - ૫૧૨૧

૧	૨		૩	■	૪	૫	
૬		■	૭	૮			■
	■	૯			■	૧૦	૧૧
૧૨			■	૧૩		■	
■					■	૧૪	
૧૫			૧૬	■	૧૭		
	■	૧૮		૧૯	■		■
૨૦			■	૨૧			

આડી ચાવી

૧. બાળકોને સુવડાવવા ગવાતુ ગીત (૪)
૪. લંકેશ, લંકાનો રાજા દશાનન(૩)
૬. ઝાડનો મૂળ પછીનો આધારનો ભાગ (૨)
૭. ગોટાળો (૪)
૯. અરજ કરવી (૩)
૧૦. લલ્લા-લલ્લા... દૂધ કી કટોરી (૩)
૧૨. ના કોઈ ઉમંગ હે ના કોઈ... હે (૩)
૧૩. ભણતરને અંગ્રેજીમાં... કહે છે (૨)
૧૪. પાણીનો..., ચકલી (૨)
૧૫. પડદો, આડશ (૪)
૧૭. એક કંદ (૩)
૧૮. વેણી, ફૂલનો ગુંથેલો ગુચ્છો(૩)
૨૦. સાહ્યબી, ભપકો (૩)
૨૧. શરીર સ્ફૂર્તિલુ રાખવા... કરવી પડે (૪)

ઊભી ચાવી

૧. એકદમ નજીક, વેંત જેટલા અંતરે (૪)
૨. યુદ્ધ કર, ઝઘડ (૨)
૩. પહાડ, પર્વત (૩)
૪. બાજરીના લોટની પ્રવાહી સ્વરૂપે બનાવાતી વાનગી (૨)
૫. હિન્દુ ધર્મમાં પવિત્ર ગણાતું વૃક્ષ (૩)
૮. મસ્ટર, હાજરીપત્રક (૪)
૯. ... ના ભેદ પારખવા સહેલા નથી (૬)
૧૧. વારેવારે રીસ ચડાવ્યા કરતી હોય તેવી (૪)
૧૪. પિતૃદોષ વગેરેને ...પણ કહેવાય (૪)
૧૫. દહનશીલ (૩)
૧૬. કાર્ય, કામ (૨)
૧૯. ... ટોક વગરનું જીવન હોય તેવું તેને સ્વતંત્રતા કહેવાય (૨)

શબ્દાવલી ૫૧૨૦ના જવાબ

આડી ચાવી :- (૧) દમદાટી (૪) કદાચ (૬) ડમડમ (૭)કોલમ (૯) તાકા (૧૦) વાડી (૧૧) સીસકારો (૧૩) વરો (૧૪) સોબત (૧૫) (૧૫) કસોટી (૧૮) મારધાડ (૧૯) પરાગ (૨૧) રમતગમત

ઊભી ચાવી :- (૧) દશકો (૨) દાડમડી (૩) ટીમ (૪) કમ (૫) ચટકારો (૮) લવારો (૯) તાકાત (૧૧) સીસોટી (૧૨) સબ (૧૩) વટેમાર્ગુ (૧૫) કધાર (૧૬) સોડમ (૧૭) સ્વાગત (૧૯) પગ (૨૦) રામ

કો-ઓપરેટિવ બેન્ક ઓફ ઈન્ડિયામાં ઘનશ્યામભાઈ અમીનની વરણી

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત રાજય સહકારી સંઘના ચેરમેન ઘનશ્યામ અમીન કો. ઓપરેટીવ બેંક ઓફ ઈન્ડિયા સી.ઓ.બી.આઈ. ન્યૂ દિલ્હીની યોજાયેલ ચૂંટણીમાં પાંચ વર્ષની ટર્મ માટે બીન હરિફ ચૂંટાઈ આવ્યા છે. જે ગુજરાત માટે ગૌરવપ્રદ બાબત છે.

કો. ઓપરેટિવ બેંક ઓફ ઈન્ડિયા, ન્યૂ દિલ્હી રાષ્ટ્રની ક્રેડિટ સેકટરની મહત્વની એપેક્ષ સંસ્થા છે. જેમાં દેશની ઓલ સ્ટેસ્ટ કો. ઓપરેટિવ બેંકો, ઓલ અર્બન કો.ઓપરેટિવ બેંકો, લેન્ડ માર્ગજ બેન્ક તથા નેશનલ કો.ઓપરેટિવ બેંક ફેડરેશનો જેવી મહત્વની સંસ્થાઓ પ્રતિનિધિત્વ ધરાવે છે. આ સંસ્થા સમગ્ર રાષ્ટ્રની સહકારી ક્રેડીટ અને બેંકીંગ ક્ષેત્રની સ્થાપક છે.

આ કો. ઓપરેટિવ બેન્ક ઓફ ઈન્ડિયાના ગર્વનિંગ કાઉન્સિલમાં દેશની સ્ટેટ કો. ઓપરેટિવ બેંકોમાંથી ૭ સીટ, અર્બન કો.ઓ. બેન્કમાંથી ૩ સીટ, નેશનલ ફેડરેશન ઓફ અર્બન કો. ઓપરેટિવ બેન્સ, એન્ડ ક્રેડીટ સોસાયટીની ૧ શી, એલ.ડી.બી. ફેડરેશનની ૧ શીટ તથા એનસીયુઆઈની ૧ શીટ તેમજ ૧ શીટ સરકારી પ્રતિનિધિની મળીને કુલ ૨૧નું બોર્ડ બનેલું છે.

રાષ્ટ્રીય, રાજય લેવલની સરકારી સંસ્થાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓની ગર્વનિંગ કાઉન્સિલમાં આપણઆ રાજય સંઘના ચેરમેન ઘનશ્યામભાઈ અમીન પ્રથમ ગુજરાતી ચેરમેન તરીકે બીનહરીફ તરીકે ચૂંટાઈ આવેલ છે. જેમને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

કાર્યકરોની ...

● છેલ્લા પાનાનું ચાલુ

સફાઈ થાય તેવો આગ્રહ કરી આ માર્કેટમાં વેપારીઓને પ્રાથમિક સુવિધા આપવામાં આવે તેવી પણ માંગ કરી હતી.

મ્યુનિ. કમિશનરશ્રીએ આ રજુઆતો સાંભળી તાબડતોબ પગલાં લેવાની હૈયાધારણ આપી હતી.

કાઉન્સીલર હર્ષજીત પંડયાની રજુઆતના સંદર્ભમાં કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે તમારી ગ્રાન્ટમાંથી આર.ઓ. પ્લાન્ટ, વોટરકુલર આપવા માટેના વર્ક ઓર્ડર અપાઈ ચુકયા છે અને ઝડપથી ડીલીવરી થાય તે જોવાશે. તેમણે જણાવ્યું હતું કે પ્રથમવાર સોલાર લાઈટ અને ટ્રી ગાર્ડ માટે પણ નાણાં ફાળવવા અંગેનો નિર્ણય લેવાયો છે. ગાંધીનગર કોર્પોરેશન હમણાં જ અસ્તિત્વમાં આવી છે અને ટાંચા સાધનો અને સ્ટાફની અછત તેમજ એજન્સીઓ નિયત કરવામાં થોડોક વહીવટીય વિલંબ થયો છે પણ અન્યાય કરાય છે તે વાત બાબર નથી.

આપણે સૌએ સાથે મળી નગરને સ્વચ્છ અને સુંદર બનાવવું છે એ મારો તમારો નહિ પણ આપણા સૌનું લક્ષ્ય છે. સૌના સહયોગથી આપણે આ દિશામાં આગળ વધી રહ્યા છીએ માત્ર થોડીક ધીરજ ધરો.

આ ગાંધીગીરીના કાર્યક્રમ બાદ કાઉન્સીલર શ્રી હર્ષજીત પંડયા અને ભાવનાબેને જણાવ્યું હતું કે કોંગ્રેસની ગાંધી વિચાર ધારાનો આ વિજય છે અને કમિશનરે આપેલી ખાત્રીથી અમને વિશ્વાસ મળ્યો છે કે અમારા પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ આવશે.

સલામતી સામે જોખમ...

● છેલ્લા પાનાનું ચાલુ

મહિલાઓ અને બાળકો હવે ઘરની બહાર નિકળવામાં અસલામતી અનુભવતા હોવાની દયનીય સ્થિતિ સર્જાઈ છે. રહેણાંક વિસ્તારમાં વાનરોના આતંકથી ઘણીવાર સન્નાટો છવાઈ જાય છે. ઘરની ચીજવસ્તુઓને નુકશાન કરવા ઉપરાંત તોફાની વાનરોની ગેંગ રસ્તે ચાલતા નાગરિકો પર પણ લોહીયાળ હુમલો કરી આતંક મચાવે છે. જયારે માર્ગ પર દોડતા બાઈક જેવા વાહનો પર સીધી તરાપ લગાવવા જાન લેવા અકસ્માત પણ સર્જાય છે. રખડતા ઢોરના લીધે જાહેર જીવનની સલામતી જોખવાઈ છે. જયારે રહેણાંક વિસ્તારમાં પણ દિનપ્રતિદિન ભયજનક સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. ગાંધીનગર તેમજ આસપાસના વિસ્તારોમાં નીલગાયના લીધે પણ અનેકવાર જાન લેવા અકસ્માતો સર્જાયા છે જયારે રખડતી નીલગાયના લીધે હજુ પણ કેટલાક હોસ્પિટલની બિછાને છે.

ગાંધીનગરને હાઈટેક બનાવવાની સાથે રળિયામણું અને કલરફુલ કરવા અનેક સોહામણી યોજનાઓ છાશવારે નેતાઓના જીભે ચઢે છે પરંતુ વાસ્તવિક સ્થિતિ કાંઈક જુદી જ છે. ગ્રીનસીટી અને ફૂલોની નગરીની ઓળખ આપવા મથતા બાબુઓ રખડતા ઢોરની જટીલ સમસ્યા તરફ દુર્લક્ષ્ય સેવતા અનેકના જીવન રખડી પડયા છે. રખડતા ઢોરનો પ્રશ્ન હવે જાહેર માર્ગો પૂરતો જ સમિત નથી. પરંતુ રહેણાંક વિસ્તારમાં પણ હીંસક બનતા ઢોર અને વાનરોના લીધે નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મુકાય છે.

ત્યારે શહેરને રખડતા ઢોરની સમસ્યામાંથી મુકત કરવા હવે વાતોને નેવે મુકી વાસ્તવિક રૂપે યોગ્ય પગલા લેવાની અનિવાર્યતા ઉભી થઈ છે. શહેરમાં ઢોર ડબ્બા માટે સે-૮, ૩૦ ને સે-૨૨ તેમ ત્રણ ઠેકાણે જગ્યા ઉપલબ્ધ છે. આમ છતાં છેલ્લા ૫ વર્ષથી ઢોર ડબ્બાની વ્યવસ્થા કયા વિભાગ દ્વારા થાય તે યોજના નકકી થઈ શકી નથી. જગ્યાનો ચાર્જ કોર્પોરેશન હસ્તક હોવા છતાં રાજકીય ગરમાવો જાળવવામાં વ્યસ્ત રહેતા ઉભરતા સ્થાનિક નેતાઓને પણ આ મામલે કશું કરવામાં રસ નથી લાગતો...!!

ઝેર ગટગટાવી લીધું...

● પહેલા પાનાનું ચાલુ

બોરીરણા ગામમાં રહેતા ૨૬ વર્ષીય મહેશ મહેતાના લગ્ન આશાબેન સાથે સાડા છ વર્ષ પહેલા થયા હતા. મહેશભાઈ ખાનગી કંપનીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરે છે અને બોરીસણામાં ભાડે મકાન રાખી પત્નિ આશાબેન તથા બે સંતાન દોઢ વર્ષિય જોય મહેતા અને ૪ વર્ષિય વનીતા મહેતા સાથે રહે છે. ગત રાત્રીએ મહેશભાઈ નોકરીના કામે બહાર ગયા હતા. આજે વહેલી સવારે પડોશીના દિકરાએ સ્કૂલે જવા માટે આશાબેનના ઘરના દરવાજાને ખટખટાવ્યો પરંતુ ઘણા સમય બાદ પણ કોઈ અવાજ ન સંભળાતા આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને પોલીસને બોલાવી લીધી હતી. પોલીસે મકાન ખોલીને જોયુ તો બે સંતાનો જોય અને વનીતા મૃત હાલતમાં હતા અને માતા આશાબેન તરફડીયા મારી રહ્યા હતા. માતાએ બન્ને સંતાનોને ઝેર પીવડાવી પોતે પણ દવા ગટગટાવી લીધી હતી. હાલ માતા અમદાવાદની હોસ્પિટલમાં ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. કલોલ તાલુકા પોલીસે બનાવ સંદર્ભે ગુનો દાખલ કરી કયા ત્રાસથી કંટાળી માતાએ આ પગલુ ભરવુ પડ્યું તે સહિતની તપાસ શરૂ કરી છે.